સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 15**

[04/04/21 to 10/04/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**04 APR-2021**

- દિવસ મહિમા : 4 એપ્રિલ, આંતરરાષ્ટ્રીય ખાણ જાગરૂકતા દિવસ (International Mine Awarness Day)........ 02
- કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા વૃદ્ધો માટે 'પોષણ અભિયાન'........ 02
- ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજીનું 'નેશનલ બાયોફાર્મા મિશન'........ 03
- QUESTION ANSWERS ........ 04

**05 APR-2021**

- દિવસ મહિમા : 5 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સમુદ્રી (દરિયાઈ દિવસ) (National Maritime Day) (2) સમતા દિવસ........ 05
- સુપ્રસિદ્ધ ગુજરાતી અને ઉર્દૂ કવિ શ્રી ખલીલ ધનતેજવીનું નિધન........ 06
- કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉધમ મંત્રાલયનો મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ........ 08
- QUESTION ANSWERS ........ 09

**06 APR-2021**

- દિવસ મહિમા : 6 એપ્રિલ, વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ (International Day of Sports for Development and Peace)........ 10
- ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ, લેખક, વિવેચક શ્રી નલિન રાવળનું નિધન........ 10
- આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંકમાં ભારત 40માં ક્રમાંકે........ 11
- INS વજ્ર ચેન્નાઈ ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં સેવારત........ 12
- QUESTION ANSWERS ........ 13

**07 APR-2021**

- દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ આરોગ્ય દિવસ (World Health Day)........ 14
- નોર્વે દ્વારા વિશ્વની પ્રથમ શિપ ટનલ બનાવવામાં આવશે........ 15
- QUESTION ANSWERS ........ 16

**08 APR-2021**

- દિવસ મહિમા : 8 એપ્રિલ, આંતરરાષ્ટ્રીય રોમાની દિવસ........ 17
- ઈસરો દ્વારા GISAT-1ના લૉન્ચિંગ શિડ્યુલમાં સુધારો........ 17
- QUESTION ANSWERS ........ 18

**09 APR-2021**

- TRIFED દ્વારા 'સંકલ્પ સે સિદ્ધિ'નું લોન્ચિંગ........ 19
- ISRO-IIST એ ભાવિ પ્રોજેક્ટ્સ માટે હાથ મિલાવ્યા........ 20
- QUESTION ANSWERS ........ 22

**10 APR-2021**

- દિવસ મહિમા, 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ........ 23
- તેલંગાણા રાજ્યમાં ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ ........ 23
- QUESTION ANSWERS ........ 25

**ONE LINER** ........ 26

**QUESTION OF THIS WEEK** ........ 29

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 એપ્રિલ, આંતરરાષ્ટ્રીય ખાણ જાગરૂકતા દિવસ (International Mine Awareness Day)

## કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા વૃદ્ધો માટે 'પોષણ અભિયાન'

કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે વૃદ્ધોને પોષણ સપોર્ટ પૂરો પાડવા માટે 'પોષણ અભિયાન' શરૂ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

### વડીલો માટે પોષણ અભિયાન

આ મિશન અંતર્ગત, વૃધ્ધાશ્રમમાં ન રહેતા અને કુપોષણનો ભોગ બનેલા જરૂરિયાતમંદ વડીલોને મદદ કરવામાં આવશે.

- આ મિશન અંતર્ગત સ્વસ્થ ખાદ્ય સામગ્રીની ખરીદી પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે જેને સ્થાનિકરૂપે ગરમ અને રાંધેલા ખોરાક માટે મધ્યાહ્ન ભોજન (Mid day Meals) માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ યોજના 'ગ્રામ પંચાયતો અને શહેરી નગરપાલિકાઓ' દ્વારા અમલમાં મૂકવામાં આવશે.
- 'સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ફંડ'નો ઉપયોગ આ મિશનના ભંડોળ અને અમલીકરણ માટે કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### નેશનલ એકશન પ્લાન ફોર સિનિયર સિટીઝન્સ

કેન્દ્ર સરકાર વરિષ્ઠ નાગરિકો માટે એક છત્ર યોજના અંતર્ગત અનેક યોજનાઓ અને કાર્યક્રમો લાગુ કરી રહી છે, જેને 'નેશનલ એકશન પ્લાન ફોર સિનિયર સિટીઝન્સ' તરીકે ઓળખવામાં આવે છે.

- આ યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને આર્થિક સુરક્ષા, આશ્રય અને કલ્યાણ, આરોગ્ય અને પોષણ, જીવન અને સંપત્તિનું રક્ષણ, સક્રિય અને ઉત્પાદક વૃદ્ધત્વ માટે મદદ કરવામાં આવે છે.

### પોષણ અભિયાન અથવા નેશનલ ન્યુટ્રિશન મિશન (NNM)

ભારતમાં કુપોષણની સમસ્યાને પહોંચી વળવા માટે નેશનલ ન્યુટ્રિશન મિશન (NNM) નામની પહેલની શરૂઆત કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2018માં કરવામાં આવી હતી.

- POSHANનું પૂરું નામ 'Prime Minister's Overarching Scheme for Holistic Nutrition' છે.
- પોષણ અભિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના ઝૂનઝૂનું ખાતેથી 8 માર્ચ, 2018ના રોજ લોન્ચ કર્યું હતું.

  હેતુ : આ મિશનનો હેતુ 0-6 વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓની પોષણ સ્થિતિમાં સુધારો કરવાનો છે.
- વર્ષ 2022 સુધીમાં કુપોષણને દૂર કરવાના લક્ષ્યાંક સાથે આ મિશનની શરૂઆત કરવામાં આવી છે.

### નેશનલ કાઉન્સિલ ઓન ન્યુટ્રિશન

પોષણ અભિયાન અંતર્ગત નેશનલ કાઉન્સિલ ઓન ન્યુટ્રિશનની રચના કરવામાં આવી છે.

- **નીતિ આયોગના વાઈસ ચેરમેન** આ કાઉન્સિલના **અધ્યક્ષ** હોય છે. આ અંતર્ગત વર્તમાન નીતિ આયોગના વાઈસ ચેરમેન **શ્રી રાજિવ કુમાર** આ કાઉન્સિલના અધ્યક્ષ છે.
- આ કાઉન્સિલ 'ન્યુટ્રિશનલ ચેલેન્જ' અંતર્ગત કાર્યક્રમોની સમીક્ષા અને નીતિ નિર્દેશો પ્રદાન કરે છે.

## ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજીનું 'નેશનલ બાયોફાર્મા મિશન'

નેશનલ બાયોફાર્મા મિશન (NBM) એ દેશમાં **બાયોફાર્માસ્યૂટિકલ્સના વિકાસ**ને વેગ આપવા માટે શરૂ કરવામાં આવેલું એક **ઉદ્યોગ અને શૈક્ષણિક સહયોગ** મિશન છે.

### નેશનલ બાયોફાર્મા મિશન (NBM)

- નેશનલ બાયોફાર્મા મિશનને **વર્ષ 2017**માં રૂ. 1,500 કરોડના ખર્ચે લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન માટે **વિશ્વ બેંક** દ્વારા 50% જેટલું ફંડ પણ પ્રદાન કરવામાં આવ્યું છે.
- આ મિશનનું અમલીકરણ **બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC)** દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- આ મિશનને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી પણ આપવામાં આવી છે.
- આ મિશન અંતર્ગત, કેન્દ્ર સરકારે બાયોફાર્મા ક્ષેત્રમાં ઉદ્યમ પ્રવૃતિ અને સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે **'ઈનોવેટ ઈન ઈન્ડિયા'(i3)** કાર્યક્રમ શરૂ કર્યો છે.

### મિશનના લક્ષ્યાંકો

આ મિશનના મુખ્ય લક્ષ્યાંકો નીચે મુજબ છે :

- બાયોથેરાપ્યુટિક્સ, રસીઓ, તબીબી ઉપકરણો અને ડાયગ્નોસ્ટિક્સ જેવા બાયોફાર્મા ઉત્પાદનોને વિકસાવવા
- GLP (Good Laboratory Practice) વેલિડેશન અને રેફરન્સ લેબ જેવી માળખાકીય સુવિધાઓ અને **ઈન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ કરવો.
- મેડ ટેક માન્યતા પ્રાપ્ત સુવિધાઓ વિકસાવવી.
- અનુવાદ અને આંતરશાખાકીય સંશોધન, પ્રોસેસ ડેવલપમેન્ટ અને સેલ લાઈનો વગેરેનો વિકાસ કરવો.
- જાહેર અને ખાનગી ક્ષેત્રમાં ટેક્નોલોજી ટ્રાન્સફર માટેની કચેરીઓની સ્થાપના કરવી.

### ઈનોવેટ ઈન ઈન્ડિયા (i3)

**'ઈનોવેટ ઈન ઈન્ડિયા'** એ ઉદ્યોગ અને શિક્ષણ માટેનું સહયોગનું મિશન છે.

- તેને **ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી** દ્વારા **વિશ્વબેંક**ના સહયોગથી દેશમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં શોધ પ્રવૃતિના વિકાસ માટે શરૂ કરવામાં આવ્યું છે.
- તેનું અમલીકરણ પણ **બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC)** દ્વારા કરવામાં આવશે.
- ભારતના બાયોફાર્મા ઉત્પાદનોને વૈશ્વિક કક્ષાની ગુણવતાવાળા અને ટકાઉ બનાવવા માટે આ મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

**ICE FACT :**

(1) BIRAC એ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી હેઠળનું પબ્લિક સેકટર એન્ટરપ્રાઈઝ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય ખાણ જાગરૂકતા દિવસ' ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?

(A) 4 એપ્રિલ (B) 5 એપ્રિલ

(C) 6 એપ્રિલ (D) 7 એપ્રિલ

(A)

2. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે વૃદ્ધ માટે 'પોષણ અભિયાન' શરૂ કરવા અંગે પ્રતિબદ્ધતા દર્શાવી છે ?

(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય (B) ગૃહ મંત્રાલય

(C) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય (D) આરોગ્ય મંત્રાલય

(C)

3. વડીલો માટે પોષણ અભિયાન અંગે નીચેના પૈકી સાચાં વિધાનો જણાવો ?

1. આ મિશન અંતર્ગત વૃધ્ધાશ્રમમાં ન રહેતા અને કુપોષણનો ભોગ બનેલા જરૂરિયાતમંદ વડીલોને પ્રોત્સાહન આપવામાં આવશે.

2. આ યોજના 'ગ્રામ પંચાયતો અને શહેરી નગરપાલિકાઓ' દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

3. 'સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ફંડ' નો ઉપયોગ આ મિશનના ભંડોળ અને અમલીકરણ માટે કરવામાં આવશે.

(A) 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 1, 2, 3

(D)

4. પોષણ અભિયાનની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાંથી કરાવી હતી ?

(A) મધ્યપ્રદેશ (B) બિહાર (C) રાજસ્થાન (D) ઝારખંડ

(C)

5. નેશનલ કાઉન્સિલ ઓન ન્યુટ્રિશનના અધ્યક્ષપદે નીચેનામાંથી કોણ હોય છે ?

(A) નીતિ આયોગના ચેરમેન (B) નીતિ આયોગના વાઈસ ચેરમેન

(C) કેન્દ્રીય આરોગ્યમંત્રી (D) કેન્દ્રીય આરોગ્ય સચિવ

(B)

6. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. નેશનલ બાયોફાર્મા મિશનને વર્ષ 2017માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

2. નેશનલ બાયોફાર્મા મિશન (NBM) માટે વિશ્વબેંક દ્વારા 50% જેટલું ફંડ પ્રદાન કરવામાં આવ્યું છે.

3. NBMનું અમલીકરણ બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 5 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સમુદ્રી (દરિયાઈ દિવસ) (National Maritime Day)
## (2) સમતા દિવસ

### નેશનલ મેરીટાઇમ દિવસ

ભારતમાં દર વર્ષે **5 એપ્રિલે નેશનલ મેરીટાઇમ દિવસ**ની ઉજવણી કરવામાં આવે છે.

- શિપિંગ સલામતી, દરિયાઈ સલામતી અને દરિયાઈ પર્યાવરણનું મહત્ત્વ દર્શાવવા માટે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.
- 5 એપ્રિલ, 1919ના રોજ ભારતની માલિકીનું પ્રથમ વેપારી જહાજ **'એસ.એસ. લોયલ્ટી'** મુંબઈથી લંડન જવા રવાના થયું હતું. ખાસ કરીને તેની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- **5 એપ્રિલ, 1964**ના રોજ **પ્રથમવાર** નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- તાજેતરમાં **58**માં **નેશનલ મેરીટાઇમ દિવસ**ની ઉજવણી **કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને વોટરવેઝ મંત્રાલય** દ્વારા કરવામાં આવી છે.
- વર્ષ **2021**ના નેશનલ મેરીટાઈમ દિવસની થીમ **'સસ્ટેનેબલ શિપિંગ બિયોન્ડ કોવિડ-19'** છે.




INSTITUTE FOR COMPETITIVE EXA

### સમતા દિવસ

ભારતના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન **શ્રી બાબુ જગજીવન રામ**ના જન્મદિવસને દર વર્ષે **'સમતા દિવસ'** (સમાનતા દિવસ) તરીકે ઉજવવામાં આવે છે.

- **ભારતની વચગાળાની સરકાર** વખતે શ્રી બાબુ જગજીવનરામ **દેશના શ્રમમંત્રી પદે** રહ્યા હતા.
- તેઓ **'બાબુજી'** ના નામે પણ ઓળખાતા હતા.
- ભારતના **પ્રથમ મહિલા સ્પીકર સુશ્રી મીરા કુમારી** તેમના જ પુત્રી છે.
- તેઓનું સમાધિ સ્થળ **'સમતા સ્થળ'** છે. જે નવી દિલ્હી ખાતે આવેલું છે.



BABU JAGJIVAN RAM
5th April 1908 - 6th July 1986

# સુપ્રસિદ્ધ ગુજરાતી અને ઉર્દૂ કવિ શ્રી ખલીલ ધનતેજવીનું નિધન

તાજેતરમાં સુપ્રસિદ્ધ ગુજરાતી અને ઉર્દૂ કવિ શ્રી ખલીલ ધનતેજવીનું 82 વર્ષની વયે વડોદરા ખાતે નિધન થયું છે.

## શ્રી ખલીલ ધનતેજવી

વડોદરા જિલ્લાના ધનતેજ ગામે 12 ડિસેમ્બર, 1938ના રોજ ખ્યાતનામ કવિ શ્રી ખલીલ ધનતેજવીનો જન્મ થયો હતો.

- તેમજ તેઓનું તાજેતરમાં 4 એપ્રિલ, 2021ના રોજ વડોદરા ખાતે નિધન થયું છે.
- તેઓનું મૂળનામ **'ખલીલ ઈસ્માઈલ મકરાણી'** છે.
- શ્રી ખલીલ ધનતેજવી સાહિત્યની સાથે સાથે પત્રકારત્ત્વ, પ્રિન્ટિંગ પ્રેસ અને ચલચિત્ર નિર્માણ સાથે સંકળાયેલ હતા.

## સાહિત્ય સર્જન

| | | |
|---|---|---|
| ગઝલસંગ્રહ | : | **સાદગી**, **સારાંશ(ગુજરાતી)**, શાયદ (હિન્દી–ઉર્દૂ) |
| નવલકથા | : | ભરચક એકાંત, ડો.રેખા, સુંવાળો ડંખ, કોરી કોરી ભીનાશ વગેરે... |
| નાટક | : | લીલા પાંદડે પાનખર, પારકી તોય પાડોશણ, નગરવધૂ, સાવ અધૂરા લોક |
| ગુજરાતી ફિલ્મોમાં કથા–પટકથા–સંવાદ–ગીતો અને દિગ્દર્શન | : | ડો. રેખા, છૂટા છેડા, ખાપરો ઝવેરો, મન માનતું નથી |

## પુરસ્કારો

તેમને વર્ષ **2004**માં **કલાપી પુરસ્કાર** અને **2013**માં **વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર** પ્રાપ્ત થયો હતો. તેમજ **વર્ષ 2019**માં તેમને **નરસિંહ મહેતા પુરસ્કાર** પ્રાપ્ત થયો હતો.

## વિશેષતા

કોઈપણ કાગળના સહારા વિના જ ગઝલ સંભળાવવી એ શ્રી ખલીલ ધનતેજવીની આગવી વિશેષતા હતી.

- તેઓ શરૂઆતમાં ગઝલો મનમાં જ રચતા અને તેમને એ યાદ રહી જતી.
- **'સાદગી'** એ તેમનો **પ્રથમ ગઝલ સંગ્રહ** છે.
- તેમના પ્રથમ ગઝલ સંગ્રહ 'સાદગી'માં તેમણે 100 થી વધુ ગઝલો યાદદાસ્તથી જ કાગળ પર ચડાવી હતી.
- તેમની ગઝલો શ્રી જગજિતસિંહના કંઠે ગવાઈ છે.
- ગઝલકાર તરીકે પ્રસિદ્ધ શ્રી ખલીલ ધનતેજવીએ સાહિત્ય સર્જનની શરૂઆત વાર્તાઓ લખવાથી કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- 'ક્યાંક મળો તો રોકી લેજો બીજું શું ?
તબિયત બબિયત પૂછી લેજો બીજું શું ?
આપ અમારી જોડે રહેજો – ના ફાવે તો,
વળતી ગાડી પકડી લેજો બીજું શું ?'

- 'લે આ મારી જાત ઓઢાડું તને;
સાહેબા, શી રીતે સંતાડું તને...
ઘર સુધી આવવાની જિદ ન કર,
ઘર નથી, નહિતર ના પાડું તને ?



- "સ્થિર જળ સાથે અટકચાળા ન કર,
કાંકરા નાખીને કૂંડાળા ન કર.
લોક દિવાળી ભલે ને ઊજવે,
પેટ બાળીને તું અજવાળા ન કર !
આજથી ગણ આવનારી કાલને,
પાછલાં વરસોના સરવાળા ન કર !
ક્યાંક પથ્થર ફેંકવાનું મન થશે,
ઈંટને તોડીને ઢેખાળા ન કર.
થઈ શકે તો રૂબરૂ આવીને મળ,
ઊંઘમાં આવીને ગોટાળા ન કર.
છે કવિતાઓ બધી મોઢે મને,
મારી મિલકતનાં તું રખવાળા ન કર."

## શ્રી ખલીલ ધનતેજવી

- "તમે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.
કહો તો માછલીની આંખમાં ડૂબકી દઈ આવું,
પણ આ છીછરું ખાબોચિયું આપણને નહીં ફાવે.
તું નહીં આવે તો એ ના આવવું પણ ફાવશે અમને,
ઘરે આવી, તારું પાછું જવું, આપણને નહીં ફાવે.
તને ચાહું, ને તારા ચાહનારાઓને પણ ચાહું ?
તું દિલ આપી દે પાછું, આ બધું આપણને નહીં ફાવે
તમાચો ખાઈ લઉં ગાંધીગીરીના નામ પર હું પણ,
પણ આ પત્નીને 'બા' સંબોધવું આપણને નહીં ફાવે."

- "મળવું હો તો આનાકાની નહિ કરવાની,
આમ મહોબત છાનીમાની નહિ કરવાની...
ગઝલબઝલ તો ભલે લખો પણ મારી માફક,
આખી આ બરબાદ જવાની નહિ કરવાની.
જરૂર પડે તો ખલીલ, આ માથું દઈ દેવાનું,
મિત્રતામાં પાછી પાની નહિ કરવાની."

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 'રગ રગને રોમ રોમથી તૂટી જવાય છે,
તો પણ મઝાની વાત કે જીવી જવાય છે...'

- 'ખાલી ગઝલ જો હોય તો ફટકારી દઈએ,
આ તો હૃદયની વાત છે, હાંફી જવાય છે.'

## કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયનો મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ

તાજેતરમાં દેશની **9 જેટલી IIMના સહયોગ**થી કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયે 'મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ' માટે યુવાનો પાસેથી અરજીઓ મંગાવી હતી.

- આ કાર્યક્રમ અંતર્ગત **IIM** અમદાવાદ, **IIM** બેંગાલુરૂ, **IIM** જમ્મુ, **IIM** ઉદેપુર, **IIM** કોઝિકોડ, **IIM** નાગપુર, **IIM** વિશાખાપટ્ટનમ, **IIM** લખનૌ અને **IIM** રાંચીના સહયોગથી યુવાનો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.
- જિલ્લાઓની અર્થવ્યવસ્થામાં કુશળતા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે દેશની આવી વિવિધ **IIM**માં ક્લાસરૂમ સેશનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ

મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામએ **વર્ષ 2019**માં **IIM બેંગાલુરૂ**ના સહયોગથી **કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલય** દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.

- તે જિલ્લા કક્ષાએ કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે શરૂ કરાયેલ **બે વર્ષ માટેનો** ફેલોશિપ કાર્યક્રમ છે.
- આ કાર્યક્રમ **'Skill Acquisition and knowledge Awareness for Livelihood Promotion' (SANKALP)** હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાએ કેન્દ્રના અનેક કાર્યક્રમોના અમલીકરણ માટે કર્મચારીઓની ઉપલબ્ધતા ઓછી હોવાના પડકારને પહોંચી વળવા માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- આ યોજના શરૂઆતમાં **ગુજરાત**, **મેઘાલય**, **કર્ણાટક**, **રાજસ્થાન**, **ઉત્તરપ્રદેશ** અને **ઉત્તરાખંડમાં 75 જિલ્લામાં** શરૂ કરવામાં આવી હતી. અને હવે, આ કાર્યક્રમ દેશભરના **660** જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ પ્રોગ્રામ માટે યોગ્યતા

આ કાર્યક્રમ અંતર્ગત લાભ મેળવવા માટે ભારતીય નાગરિકની **ઉંમર 21-30 વર્ષની** વચ્ચે હોવી જોઈએ.

- તેમની પાસે માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશનની ડિગ્રી હોવી જોઈએ.

### કાર્યક્રમનું અમલીકરણ

આ કાર્યક્રમ અંતર્ગત, સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટ મિશન્સ (SSDM)ની દેખરેખ હેઠળ ફેલો કામ કરે છે.

- તેમજ સમગ્ર જિલ્લામાં રહેલા કૌશલ્યને લગતા પડકારો અને અંતરાયોને સમજવાનો તેના અંતર્ગત પ્રયત્ન કરવામાં આવે છે.

**ICE FACTS :**

(1) SANKALP એ કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયની કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

(2) SANKALP અંતર્ગત 3.5 કરોડ ભારતીય યુવાનોને કૌશલ્ય વિકાસ માટે તાલીમ આપવામાં આવશે.

1. ‘નેશનલ મેરીટાઈમ દિવસ’ ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
   (A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ **(A)**

2. વર્ષ 2021ના નેશનલ મેરીટાઈમ દિવસની થીમ જણાવો ?
   (A) સસ્ટેનેબલ ગ્રોથ ઓફ મેરીટાઈમ સિક્યુરિટી (B) સસ્ટેનેબલ શિપિંગ બિયોન્ડ કોવિડ–19
   (C) સસ્ટેનેબલ બ્લુ ઈકોનોમી (D) સસ્ટેનેબલ શિપિંગ રિલેશન્સ **(B)**

3. ‘સમતા દિવસ’ની ઉજવણી સમગ્ર દેશમાં દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
   (A) 6 એપ્રિલ (B) 7 એપ્રિલ (C) 5 એપ્રિલ (D) 4 એપ્રિલ **(C)**

4. નીચેનામાંથી કોના જન્મદિવસને સમગ્ર ભારતમાં ‘સમતા દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે ?
   (A) શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે (B) શ્રી મહાત્મા ગાંધી
   (C) શ્રી જ્યોતિબા ફૂલે (D) શ્રી બાબુ જગજીવન રામ **(D)**

5. શ્રી ખલીલ ધનતેજવીનો જન્મ ગુજરાતના કયા જિલ્લાના ધનતેજ ગામમાં થયો હતો ?
   (A) વડોદરા (B) અમદાવાદ (C) ભાવનગર (D) નવસારી **(A)**

6. તાજેતરમાં શ્રી ખલીલ ધનતેજવીનું વડોદરા ખાતે નિધન થયું છે, તેઓનું મૂળનામ જણાવો ?
   (A) શ્રી મનસુરી ખલીલ ઈસ્માઈલ (B) શ્રી ઈરફાન ખલીલ ઈસ્માઈલ
   (C) શ્રી મકરાણી ખલીલ ઈસ્માઈલ (D) શ્રી મોહમ્મદ ખલીલ ઈસ્માઈલ **(C)**

7. પ્રસિદ્ધ ગઝલ સંગ્રહ ‘સાદગી’ના સર્જકનું નામ શું છે ?
   (A) શ્રી જલન માતરી (B) શ્રી ચિનુ મોદી
   (C) શ્રી રતિલાલ અનિલ (D) શ્રી ખલીલ ધનતેજવી **(D)**

8. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?
   1. મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
   2. મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપએ દેશમાં જિલ્લા કક્ષાએ કૌશલ્ય વિકાસને વેગ આપવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.
   3. મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપએ Skills Acquisition and Knowledge Awareness for Livelihood Promotion (SANKALP) હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે.

   (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 6 એપ્રિલ, વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ (International Day of Sports for Development and Peace)

# ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ, લેખક, વિવેચક શ્રી નલિન રાવળનું નિધન

તાજેતરમાં ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ, લેખક, વિવેચક શ્રી નલિન રાવળનું 88 વર્ષની વયે 5 એપ્રિલ, 2021ના રોજ નિધન થયું છે.



## શ્રી નલિન રાવળ

શ્રી નલિન રાવળનો જન્મ 17 માર્ચ, 1933ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.

- તેઓનું પૂરું નામ **શ્રી નલિન ચંદ્રકાંત રાવળ** છે.
- તેઓનું મૂળવતન સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે આવેલું છે.

## સાહિત્ય સર્જન

| | | |
|---|---|---|
| કાવ્ય સંગ્રહો | : | અવકાશ, લયલીન, ઉદ્‌ગાર, આહ્‌લાદ, સૌરભ, અષાઢ સંગીત, મનોવિહાર અને આફ્રિકન સફારી કાવ્યો |
| લઘુ કાવ્યસંગ્રહ | : | ઉદ્‌ગાર |
| પ્રસિદ્ધ કાવ્યો | : | નારી, અશ્વત્થામાની સ્વગતોક્તિ |
| વાર્તાસંગ્રહ | : | સ્વપ્નલોક |
| અનુવાદ | : | સિંધી સાહિત્યના ઈતિહાસની રૂપરેખા, ઝંઝા : શેક્સપિયરના નાટક ટેમ્પેસ્ટનો અનુવાદ |
| નિબંધ સંગ્રહ | : | અનુભવ |
| વિવેચન | : | પાશ્ચાત્ય કવિતા |

## પુરસ્કારો

શ્રી નલિન રાવળને **વર્ષ 2013**માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

- વર્ષ 2010માં કવિશ્વર દલપતરામ એવોર્ડ અને વર્ષ 2013માં નરસિંહ મહેતા એવોર્ડ પણ તેમને એનાયત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંકમાં ભારત 40માં ક્રમાંકે

તાજેતરમાં યુ.એસ. ચેમ્બર ઓફ કોમર્સ ગ્લોબલ ઈનોવેશન પોલિસી સેન્ટર (GIPC) દ્વારા નવમા આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંક (International Intellectual Property Index)ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ સૂચકાંક અંતર્ગત ભારતે 53 વૈશ્વિક અર્થવ્યવસ્થાઓમાં 40મો ક્રમાંક મેળવ્યો છે.

### મુખ્ય બાબતો

વર્ષ 2021માં જાહેર કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંક અંતર્ગત એકંદરે વૈશ્વિક બૌદ્ધિક સંપત્તિમાં સુધારો થયો છે.

- આ સૂચકાંક અંતર્ગત વિશ્વની 53 અર્થવ્યવસ્થાઓમાંથી 32 અર્થવ્યવસ્થાઓમાં હકારાત્મક સુધારો જોવા મળ્યો છે.
- ભારતે આ સૂચકાંક અંતર્ગત 100 માંથી 38.4નો સ્કોર મેળવ્યો છે.
- આ માટે બૌદ્ધિક સંપત્તિ અંતર્ગતના 50 પરિમાણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંક 2021 અંતર્ગતના ટોચના દેશોમાં અમેરિકા, યુ.કે., જર્મની, ફ્રાન્સ, જાપાન, સ્વિડન વગેરે દેશોનો સમાવેશ થાય છે.

**આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપતિ સૂચકાંકના ટોચના દેશો**

| ક્રમ | દેશ | સ્કોર |
|---|---|---|
| 1 | અમેરિકા | 95.31 |
| 2 | યુ.કે. | 93.90 |
| 3 | જર્મની | 92.27 |
| 4 | ફ્રાન્સ | 91.43 |
| 5 | જાપાન | 91.12 |
| 6 | સ્વિડન | 90.92 |
| 7 | નેધરલેન્ડ્સ | 90.02 |
| 8 | આયર્લેન્ડ | 88.86 |
| 9 | સ્વિટ્ઝર્લેન્ડ | 85.82 |
| 10 | સ્પેન | 84.68 |
| 11 | ભારત | 38.40 |

### આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ સૂચકાંક

યુ.એસ. ચેમ્બર ઓફ કોમર્સ ગ્લોબલ ઈનોવેશન પોલિસી સેન્ટર (GIPC) દ્વારા દર વર્ષે આ સુચકાંક જાહેર કરવામાં આવે છે.

- તેના અંતર્ગત વિશ્વની 53 અર્થવ્યવસ્થાઓનું પેટન્ટ, બૌદ્ધિક સંપત્તિઓનું વેપારીકરણ, કોપીરાઈટની નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સુવિધાઓને બહાલી આપીને વૈશ્વિક સંપત્તિના અધિકારોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
- આ સૂચકાંક જાહેર કરવા માટે 50 પરિમાણોને ધ્યાને લેવામાં આવે છે.

## INS વજ્ર ચેન્નાઈ ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં સેવારત

તાજેતરમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ શિપ વજ્રને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ **શ્રી બિપિન રાવત** દ્વારા **ચેન્નાઈના કટુપલ્લી** ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં સેવારત કરવામાં આવ્યું છે.

### ઈન્ડિયન નેવી શિપ વજ્ર

INS વજ્રએ **સાત ઓફશોર પેટ્રોલ વેસલ (OPV)**ની શ્રેણીમાં **છઠ્ઠા ક્રમનું** છે.

- આ શિપનું નિર્માણ **ચેન્નાઈના કટુપલ્લી** ખાતે આવેલા M/S **લાર્સન એન્ડ ટૂબ્રો** લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- **98 મીટરની લંબાઈ** ધરાવતી આ શિપ અત્યાધુનિક નેવિગેશન અને કમ્યુનિકેશન ઈક્વિપમેન્ટ, મશીનરી અને સેન્સરથી સજ્જ છે.
- આ શિપ એક ટ્વિન એન્જિન હેલિકોપ્ટર અને ચાર હાઈસ્પીડ બોટ વહન કરવા માટે સક્ષમ છે.
- તે સ્વિફ્ટ બોર્ડિંગ ઓપરેશન્સ માટે બે Rigid Hull Inflatable Boatsનું વહન પણ કરી શકે છે.
- INS વજ્રનું કમાન ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ શ્રી અલેક્સ થોમસ દ્વારા સંભાળવામાં આવશે.

### INS વજ્રનું મહત્વ

INS વજ્રનો ઉપયોગ સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન, લૉ એન્ફોર્સમેન્ટ અને દરિયાઈ પેટ્રોલિંગ માટે થઈ શકે છે.

- આ શિપ સમુદ્રમાં થયેલા તેલના પ્રસારણ દરમિયાન પણ ઉપયોગી છે.
- આ શિપને ભારતીય દરિયાકાંઠાના **એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)**ના નિરીક્ષણ માટે તૈનાત કરવામાં આવશે.

### એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)

'એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોન' એટલે કે 'વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર'ને **યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લૉ ઓફ ધ સી, 1982** દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ છે.

- EEZ એ સમુદ્રમાં આવેલો એ વિસ્તાર છે જ્યાં જે તે સાર્વભૌમ રાજ્ય દરિયાઈ સંસાધનોની શોધખોળ અને ઉપયોગ તેમજ પાણી અને પવનથી ઊર્જા ઉત્પન્ન કરવાના વિશેષ અધિકારો ધરાવે છે.
- EEZ એ કોઈપણ દેશના દરિયાકાંઠાના **બેઝલાઈનથી 200 નોટિકલ માઈલ** સુધીનો વિસ્તાર છે.
- તેને **'મેરીટાઈમ કોન્ટિનેન્ટલ માર્જિન'** તરીકે પણ ઓળખવામાં આવે છે.



1. ' વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ' ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?

(A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ (B)

2. તાજેતરમાં શ્રી નલિન રાવળનું નિધન થયું છે, તેઓનું પૂરું નામ જણાવો ?

(A) શ્રી નલિન ચંદ્રકાંત રાવળ (B) શ્રી નલિન ગુણવંતરાય રાવળ

(C) શ્રી નલિન પુરૂષોતમદાસ રાવળ (D) શ્રી નલિન ઉત્તમરાય રાવળ (A)

3. 'અનુભવ' નામનો નિબંધ સંગ્રહ એ નીચેના પૈકી કયા લેખકનો છે ?

(A) શ્રી ગુણવંત આચાર્ય (B) શ્રી રઘુવીર ચૌધરી (C) શ્રી નલિન રાવળ (D) શ્રી હર્ષદ પંડયા (C)

4. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપતિ સૂચકાંક અંતર્ગત ભારત કેટલામાં ક્રમાંકે રહ્યું છે ?

(A) 36 (B) 37 (C) 39 (D) 40 (D)

5. આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપતિ સૂચકાંક અંગે નીચેના પૈકી સાચાં વિધાનો જણાવો ?

1. યુ.એસ. ચેમ્બર ઓફ કોમર્સ ગ્લોબલ ઈનોવેશન પોલિસી સેન્ટર દ્વારા દર વર્ષે આ સૂચકાંક જાહેર કરવામાં આવે છે.
2. આ સૂચકાંક જાહેર કરવા માટે 50 પરિમાણોનો ઉપયોગ કરવામાં આવે છે.
3. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આ સૂચકાંક અંતર્ગત અમેરિકા પ્રથમ ક્રમાંકે રહ્યું છે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 (A)

6. તાજેતરમાં INS વજ્રને કયા સ્થળ ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં સેવારત કરવામાં આવ્યું છે ?

(A) વિશાખાપટ્ટનમ (B) મુંબઈ (C) ગોવા (D) ચેન્નાઈ (D)

7. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. INS વજ્રએ સાત ઓફશોર પેટ્રોલ વેસલ (OPV)ની શ્રેણીમાં છઠ્ઠા ક્રમનું છે.
2. INS વજ્રએ 98 મીટર લંબાઈ ધરાવતી શિપ છે.
3. INS વજ્રનું નિર્માણ M/S લાર્સન એન્ડ ટૂબ્રો લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
4. એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)ને 'મેરીટાઈમ કોન્ટિનેન્ટલ માર્જિન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ આરોગ્ય દિવસ (World Health Day)

સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે World Health Organisation (WHO) દ્વારા દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' અથવા તો 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વના લોકોના આરોગ્યની દેખરેદ રાખતી વૈશ્વિક સંસ્થા WHOની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષ 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 1948માં WHOની પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં લેવાયેલા નિર્ણય અનુસાર ઈ.સ. 1950થી દર વર્ષે 7 એપ્રિલના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2021ની World Health Dayની થીમ

વર્ષ 2021ની 'World Health Day'ની થીમ 'Building a Fairer, Healthier World for everyone'

- આ અગાઉ વર્ષ 2020ની 'વિશ્વ આરોગ્ય દિવસ'ની થીમ 'Support Nurses and Midwives' હતી.

**ICE FACT :**

(1) આધુનિક નર્સિંગના સ્થાપક સુશ્રી ફ્લોરેન્સ નાઈટિંગલ (Florance Nightingale)ની 200મી જન્મજયંતીની યાદમાં WHO દ્વારા વર્ષ 2020ને 'International Year of Nurse and Midwife' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

### WHO ના 8 અભિયાનો

WHO દ્વારા ઓફિસિયલી 8 અભિયાનોની જાહેરાત કરવામાં આવી છે.

- WHOના આ આઠ અભિયાનોમાં 'વિશ્વ આરોગ્ય દિવસ'નો પણ સમાવેશ થઈ જાય છે.
- WHOના આ આઠ અભિયાનોના નામ આ પ્રમાણે છે : વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ ક્ષય રોગ દિવસ, વિશ્વ મેલેરિયા દિવસ, વિશ્વ રસીકરણ સપ્તાહ, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ રક્તદાન દિવસ, વિશ્વ તમાકુ નિષેધ દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ

### WHO

WHO નું પૂરું નામ ' World Health Organisation' છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડુંમથક સ્વિટ્ઝર્લેન્ડના જિનિવા ખાતે આવેલું છે.
- WHOના વર્તમાન (7 એપ્રિલ, 2021ની સ્થિતિએ) 8માં અધ્યક્ષ અથવા તો Director General શ્રી ટેડરોસ અધાનમ છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર બે વર્ષે World Health Report (WHR) જાહેર કરવામાં આવે છે જેની શરૂઆત વર્ષ 1995થી કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોર્વે દ્વારા વિશ્વની પ્રથમ શિપ ટનલ બનાવવામાં આવશે

તાજેતરમાં નોર્વે દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર નોર્વે વિશ્વની પ્રથમ શિપ ટનલનું નિર્માણ કરશે.

- આ ટનલનું નિર્માણ કાર્ય નોર્વે દ્વારા વર્ષ 2022માં શરૂ કરવામાં આવશે અને તે વર્ષ 2025-2026 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

### વિશ્વની પ્રથમ શિપ ટનલ

નોર્વે દ્વારા **સ્તાધવેત દ્વિપકલ્પમાં** આવેલા પર્વતોની નીચે આ શિપ ટનલનું નિર્માણ કરવામાં આવશે.


- આ ટનલ **37 મીટર** ઊંચી **1,700 મીટર** લાંબી અને **26.5 મીટર પહોળી** હશે.
- આ શિપ ટનલના નિર્માણ માટે નોર્વે દ્વારા કુલ **315** મિલિયન ડોલરનો ખર્ચ કરવામાં આવશે.
- આ ટનલ સ્તાધવેત દ્વિપકલ્પના સૌથી સંકુચિત બિંદુ પરથી પસાર થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ટનલનું મહત્ત્વ

આ ટનલનું નિર્માણ ઉત્તર પશ્ચિમ નોર્વેમાં આવેલા સ્તાધવેત સમુદ્રના માધ્યમથી જહાજોના નેવિગેશન માટે કરવામાં આવી રહ્યું છે.

- હાલમાં, વાતાવરણીય પ્રતિકૂળ પરિસ્થિતિના કારણે વહાણોને નેવિગેશન માટે થોડાં દિવસો સુધી રાહ જોવી પડે છે.

1. ‘વિશ્વ આરોગ્ય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ (C)

2. વર્ષ 2021ની થીમ ‘વિશ્વ આરોગ્ય દિવસ’ની થીમ શું છે ?

(A) Working together to health

(B) International Health Security

(C) Support Nurses and Midwives

(D) Building a Fairer, healthier world for everyone (D)

3. કઈ સંસ્થાની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી કે જેની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ ‘વર્લ્ડ હેલ્થ ડે’ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) UNESCO (B) UNICEF (C) WHO (D) WEF (C)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ WHOના વર્તમાન (7 એપ્રિલ, 2021ની સ્થિતિએ) અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી એડમંડ હાર્વડ (B) શ્રી અલ્ડેરો મેરાયો (C) શ્રી ટેડરોસ અધનમ (D) શ્રી રોનાલ્ડો મેરાયો (C)

5. WHO દ્વારા કયા વર્ષને 'International Year of Nurse And Midwife' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) વર્ષ 2020 (B) વર્ષ 2021 (C) વર્ષ 2022 (D) વર્ષ 2023 (A)

6. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)નું વડુંમથક કયા દેશમાં આવેલું છે ?

(A) નોર્વે (B) જર્મની (C) સ્વિટ્ઝર્લેન્ડ (D) પોલેન્ડ (C)

7. કયા દેશ દ્વારા વિશ્વની પ્રથમ શિપ ટનલ બનાવવામાં આવશે ?

(A) નોર્વે (B) જર્મની (C) સ્વિટ્ઝર્લેન્ડ (D) પોલેન્ડ (A)

8. વિશ્વની પ્રથમ શિપ ટનલ વિશે નીચેના પૈકી સાચાં વિધાનો જણાવો ?

1. આ ટનલનું નિર્માણ કાર્ય નોર્વે દ્વારા વર્ષ 2022માં શરૂ કરી વર્ષ 2025-26 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
2. નોર્વે દ્વારા સ્તાધવેત દ્વિપકલ્પમાં આવેલા પર્વતોની નીચે આ શિપ ટનલનું નિર્માણ કરવામાં આવશે.
3. આ ટનલની લંબાઈ 1700 મીટર જેટલી હશે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 8 એપ્રિલ, આંતરરાષ્ટ્રીય રોમાની દિવસ

## ઈસરો દ્વારા GISAT-1ના લોન્ચિંગ શિડ્યુલમાં સુધારો

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)ના જિયો ઈમેજિંગ સેટેલાઈટ GISAT-1ના GSLV-F10 રોકેટની મદદથી થનારા લોન્ચિંગમાં અમુક સમસ્યાઓ સર્જાઈ છે.

- આ સમસ્યાઓને કારણે તાજેતરમાં ઈસરોએ GISAT-1ના લોન્ચિંગ શિડ્યુલમાં ફેરફાર કર્યો છે.
- GISAT-1નું લોન્ચિંગ હવે 18 એપ્રિલ, 2021ના રોજ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્પેસપોર્ટ પરથી કરવામાં આવશે.

### જિયો ઈમેજિંગ સેટેલાઈટ અથવા GISAT

GISATએ ભૂ-સ્થૈતિકકક્ષા માટેના ભારતીય ઉપગ્રહની એક શ્રેણી છે.

- તેમાં ઉચ્ચ ટેમ્પરલ રિઝોલ્યુશન (Temporal Resolution)ની સુવિધા હોય છે. જેની મદદથી જે તે ક્ષેત્રની રીઅલ ટાઈમ ઈમેજિંગ પ્રદાન કરવામાં મદદ મળે છે.
- આવા બે સરખા ઉપગ્રહો પૃથ્વીની સપાટી પરનું 42 મીટરથી 318 મીટરની રેન્જમાં રિઝોલ્યુશન પ્રદાન કરી શકે છે.
- આ સેટેલાઈટની સાથે મલ્ટિ–સ્પેક્ટ્રલ મલ્ટિ રિઝોલ્યુશન ઈમેજિંગ ઈન્સ્ટ્રુમેન્ટસ પણ રાખવામાં આવશે.
- GISAT-1 એ અત્યાધુનિક ચુસ્ત પૃથ્વી નિરીક્ષણ સેટેલાઈટ છે.
- આ સેટેલાઈટને GSLV-F10 રોકેટની મદદથી જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટમાં મૂકવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉપગ્રહની ક્ષમતાઓ

આશરે 2,268 કિલોગ્રામ વજન ધરાવતો આ સેટેલાઈટ વાદળ મુક્ત વાતાવરણમાં સમયના અમુક અંતરાલ દરમિયાન ભારતીય ઉપખંડના વાસ્તવિક સમયની નિરીક્ષણ સુવિધાઓ પ્રદાન કરે છે.

- તે દર 5 મિનિટે પસંદ કરેલા ક્ષેત્રોની ફિલ્ડ ઈમેજ બનાવશે.
- તેમજ તે દર 30 મિનિટે 42 મીટરના રિઝોલ્યુશન સાથે સમગ્ર ભારતીય ભૂમિખંડની છબીઓ પ્રદાન કરે છે.

### GISAT-1ની સુવિધાઓ

GISAT-1 સેટેલાઈટમાં કાર્ટોસેટ-2Aની રચના પર આધારિત 700 મીમી રિચી ક્રેચીયન ટેલિસ્કોપનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

- તેમાં વિઝિબલ એન્ડ નિઅર ઈન્ફ્રારેડ (VNIR) અને શોર્ટવેવ ઈન્ફ્રારેડ (SWIR) જેવા બેન્ડમાં અરે ડિટેકટર પણ સ્થાપિત કરવામાં આવ્યા છે.

1. 'આંતરરાષ્ટ્રીય રોમાની દિવસ' ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?

(A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ **(D)**

2. GISAT-1 સેટેલાઈટને કયા રોકેટની મદદથી આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્પેસપોર્ટ પરથી લોન્ચ કરવામાં આવશે ?


(A) GSLV-F9 (B) GSLV-F10 (C) GSLV-F11 (D) GSLV-F8 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. GISAT વિશે નીચેના પૈકી સાચાં વિધાનો જણાવો ?

1. GISAT એ ભૂ–સ્થૈતિક કક્ષા માટેના એક ભારતીય ઉપગ્રહની શ્રેણી છે.
2. GISAT જેવા બે સરખા ઉપગ્રહો પૃથ્વીની સપાટી પરના 42 મીટરથી 318 મીટરની રેન્જમાં રિઝોલ્યુશન પ્રદાન કરી શકે છે.
3. આ ઉપગ્રહ દર 30 મિનિટે 42 મીટરના રિઝોલ્યુશન સાથે સમગ્ર ભારતીય ભૂમિખંડની છબીઓ પ્રદાન કરી શકે છે

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**



## TRIFED દ્વારા 'સંકલ્પ સે સિદ્ધિ'નું લોન્ચિંગ

કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય અંતર્ગત કાર્યરત એવા ટ્રાઈબલ કો–ઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TRIFED) દ્વારા તાજેતરમાં 'સંકલ્પ સે સિદ્ધિ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

### સંકલ્પ સે સિદ્ધિ

'સંકલ્પ સે સિદ્ધિ' એ આદિજાતિ વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલું **100 દિવસનું** અભિયાન છે.

- આ અભિયાનનો હેતુ આદિજાતિ ગામોમાં સ્થિત **વન ધન વિકાસ કેન્દ્રો**ના કાર્યોમાં સક્રિયતા લાવવાનો છે.
- સો દિવસના આ અભિયાન અંતર્ગત ભારતના આદિજાતિ વિસ્તારોના કુલ **1,500 જેટલા ગામોને** આવરી લેવામાં આવશે.
- આ અભિયાન આગળ વધારવા માટે આશરે દોઢસો જેટલી ટીમોની રચના કરવામાં આવી છે.
- આ ટીમો દ્વારા વિવિધ ગામોને TRIFOOD અને SFURTI **એકમોમાં** વિભાજીત કરવામાં આવશે.
- SFURTIનું પૂરુંનામ 'Scheme for Fund for the Regeneration of Traditional Industries' છે.
- SFURTI અંતર્ગત આદિજાતિ લોકોના પરંપરાગત ઉદ્યોગોના પુનર્જીવન માટેના ફંડનું પ્રાવધાન કરવામાં આવ્યું છે.

### TRIFOOD

ટ્રાઈફૂડ એ કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય અને TRIFEDની સંયુક્ત પહેલ છે.

- તેની શરૂઆત ઓગસ્ટ, 2020માં કરવામાં આવી હતી.
- તેના અંતર્ગત TRIFOOD પાર્કસમાં માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યૂસ (MFP)માંથી પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થો અને આદિજાતિ પ્રદેશના લોકો દ્વારા એકત્રિત કરવામાં આવતા ખોરાકમાંથી પણ પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોનું નિર્માણ કરવામાં આવશે.

### યોજના શું છે ?

આદિજાતિ વિસ્તારોમાં પસંદ કરવામાં આવેલા 1,500 ગામોમાં વન ધન વિકાસ કેન્દ્રો સક્રિય થયા પછી આ કેન્દ્રો દ્વારા આશરે 200 કરોડના વેચાણનું લક્ષ્ય રાખવામાં આવશે.

- આ અભિયાનનો હેતુ આદિજાતિ ગામોમાં સ્થિત **વન ધન વિકાસ કેન્દ્રો**ના કાર્યોમાં સક્રિયતા લાવવાનો છે.
- સો દિવસના આ અભિયાન અંતર્ગત ભારતના આદિજાતિ વિસ્તારોના કુલ **1,500 જેટલા ગામોને** આવરી લેવામાં આવશે.

### વન ધન વિકાસ કેન્દ્રો

'વન ધન વિકાસ યોજના' અંતર્ગત વન ધન વિકાસ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી હતી.

- કેન્દ્ર સરકાર આ વન ધન વિકાસ કેન્દ્રોમાં આદિજાતિ લોકોની વસતી માટે ક્ષમતા નિર્માણ, તાલીમ અને કૌશલ્ય સુધારણા જેવી સુવિધાઓ પ્રદાન કરે છે.
- પંદર જેટલા આદિજાતિ સ્વ–સહાય જૂથો (Self-Help Groups) દ્વારા વન ધન વિકાસ કેન્દ્રની રચના કરવામાં આવતી હોય છે.
- સમગ્ર ભારતના પ્રથમ વન ધન વિકાસ કેન્દ્રની સ્થાપના છત્તીસગઢ રાજ્યના બિજાપુર જિલ્લામાં કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### TRIFED

TRIFEDનું પૂરું નામ **'ટ્રાઈબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ડેવલોપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા'** છે.

- ટ્રાઈફેડએ કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળ કાર્ય કરતી સહકારી સંસ્થા છે.
- તેની સ્થાપના અગાઉના કેન્દ્રીય કલ્યાણ મંત્રાલય અંતર્ગત મલ્ટી–સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1984 અંતર્ગત કરવામાં આવી હતી.
- ત્યારબાદ ટ્રાઈફેડને કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલયના નિયંત્રણ હેઠળ આવરી લેવામાં આવ્યું હતું.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રી **શ્રી અર્જુન મુંડા** છે.

## ISRO-IIST એ ભાવિ પ્રોજેક્ટ્સ માટે હાથ મિલાવ્યા

**ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)**એ **ભ્રમણકક્ષાઓ (Orbit)માં સંશોધન માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (IIST)** સાથે હાથ મિલાવ્યા છે.

- **ISRO અને IIST** વચ્ચે કરવામાં આવેલી આ ભાગીદારી **જેટ પ્રપલ્શન લેબોરેટરી (JPL)** અને **યુ.એસ.સ્પેસ એજન્સી નાસા** વચ્ચે થયેલી ભાગીદારી સાથે સામ્યતા ધરાવે છે. આ બંને ભાગીદારીઓ ભ્રમણકક્ષાઓમાં થનારા ભાવિ સંશોધન સાથે સંકળાયેલી છે.
- JPLને નાસા દ્વારા ભંડોળ આપવામાં આવે છે. જ્યારે તેનું સંચાલન કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (Caltech) દ્વારા કરવામાં આવે છે.

### ISRO-IIST ભાગીદારી

ઈસરો અને IIST એ ભાવિ સંશોધન પ્રવૃત્તિઓ હાથ ધરવા ભાગીદારી કરી છે.

- આ બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓના સંકલન માટે એક સમર્પિત માળખું હવે **Capacity Building Programme Office (CBPO)** સાથે બનાવવામાં આવ્યું છે.
- CBPOએ ઈસરોના મુખ્યમથક બેંગાલુરૂ ખાતે આવેલું છે.

### એડવાન્સ સ્પેસ રિસર્ચ ગ્રૂપ

ISROના કેન્દ્ર અને IISTના હિતો સાથે જોડાયેલ હોય તેવા ઉપયોગિતાલક્ષી પ્રોજેક્ટ્સને ઓળખવા માટે એક 'એડવાન્સ સ્પેસ રિસર્ચ ગ્રૂપ'ની રચના કરવામાં આવી છે.

- તે સિવાય વિવિધ સંશોધન પ્રવૃત્તિઓની દરખાસ્તો માટે સમીક્ષા અને મંજૂરી માટે સશક્તિકરણ નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવી છે.
- તેમા બે વર્ષ, 3 થી 5 વર્ષ અને 7 વર્ષ જેટલા સમયગાળાના પ્રોજેક્ટોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેને IIST દ્વારા આગળ ધપાવવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જેટ પ્રપલ્શન લેબોરેટરી (JPL)

નાસાની જેટ પ્રપલ્શન લેબોરેટરી (JPL)ની સ્થાપના કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (Caltech) દ્વારા કરવામાં આવી છે.

- તેના દ્વારા સૌરમંડળમાં રોબોટિક અન્વેષણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.
- તે પૃથ્વીની ભ્રમણકક્ષાઓ અને ખગોળ શાસ્ત્રને લગતા મિશનો અંગેની પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે.
- JPLના કર્મચારીઓમાં વૈજ્ઞાનિકો, તકનીકીઓના જાણકારો, ઈજનેરો, ડેવલપર્સ, ડિઝાઈનર્સ, સલામતી નિષ્ણાતો અને વ્યાવસાયિક સંચાલકોનો સમાવેશ થાય છે.

## ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (IIST)

IISTએ <u>કેરલના તિરૂવનંતપુરમ</u> ખાતે આવેલું છે.

- તે સંપૂર્ણ રીતે <u>બાહ્ય અવકાશ</u> (Outer Space)ના અભ્યાસ અને સંશોધન માટે સમર્પિત <u>એશિયાની પ્રથમ યુનિવર્સિટી</u> છે.
- તેની સ્થાપના <u>વર્ષ 2007</u>માં કરવામાં આવી હતી તેમજ તેનું ઉદ્‌ઘાટન 14 સપ્ટેમ્બર, 2007ના રોજ કરવામાં આવ્યું હતું.
- IISTની સ્થાપના <u>કેન્દ્રીય અવકાશ વિભાગ</u> હેઠળ કાર્યરત <u>ISRO</u> દ્વારા કરવામાં આવી હતી.



1. 'સંકલ્પ સે સિદ્ધિ' નામના 100 દિવસના અભિયાનનું લોન્ચિંગ તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) ISRO (B) TRIFED (C) BARC (D) DRDO **(B)**

2. નીચે આપેલા વિધાનો ઉપર વિચાર કરો અને સાચાં વિધાનો જણાવો ?

1. 'સંકલ્પ સે સિદ્ધિ' એ આદિજાતિ વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલું 100 દિવસનું અભિયાન છે.
2. 'સંકલ્પ સે સિદ્ધિ' અભિયાનનો હેતુ આદિજાતિ ગામોમાં સ્થિત વન ધન વિકાસ કેન્દ્રોના કાર્યોમાં સક્રિયતા લાવવાનો છે.
3. SFURTIનું પૂરું નામ 'Scheme for fund for the Regeneration of Traditional Industries' છે.
4. 'સંકલ્પ સે સિદ્ધિ' અભિયાન અંતર્ગત ભારતના આદિજાતિ વિસ્તારોના કુલ 1,500 જેટલા ગામોને આવરી લેવામાં આવશે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

3. નીચે આપેલાં વિધાનો ઉપર વિચાર કરો અને સાચાં વિધાનો જણાવો ?

1. ટ્રાઈફૂડ એ કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય અને TRIFEDની સંયુક્ત પહેલ છે.
2. ટ્રાઈફેડની શરૂઆત ઓગસ્ટ, 2020માં કરવામાં આવી હતી.
3. વન ધન વિકાસ કેન્દ્રોની સ્થાપના 'વન ધન વિકાસ યોજના' અંતર્ગત કરવામાં આવી હતી.

(A) 1, 2 (B) 1, 2, 3 (C) 2, 3 (D) 1, 3 **(B)**

4. સમગ્ર ભારતના પ્રથમ વન ધન વિકાસ કેન્દ્રની સ્થાપના કયા રાજ્યમાં કરવામાં આવી હતી ?

(A) ઝારખંડ (B) મહારાષ્ટ્ર (C) છત્તીસગઢ (D) કર્ણાટક **(C)**

5. TRIFEDનું વડુંમથક કયા આવેલું છે ?

(A) રાંચી (B) રાયપુર (C) હૈદરાબાદ (D) નવી દિલ્હી **(D)**

6. ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)એ તાજેતરમાં ભ્રમણકક્ષાઓને લગતા ભવિષ્યના સંશોધન માટે કઈ સંસ્થા સાથે હાથ મિલાવ્યા છે ?

(A) JPL (B) IIST (C) રોસ્કોસ્મોસ (D) ESA **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા, 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **10 એપ્રિલ**ના રોજ **'વિશ્વ હોમિયોપેથી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- જર્મનીના **ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હોનેમને વર્ષ 1796**માં **હોમિયોપેથી** નામની **નવી ચિકિત્સા પદ્ધતિ** વિકસાવી હતી.
- આથી, તેની યાદમાં તેમનો જન્મદિન **10 એપ્રિલ** 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.
- આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથી (CCRH) દ્વારા વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીના ભાગરૂપે નવી દિલ્હી ખાતે બે દિવસની સાયન્ટિફિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કોન્ફરન્સનું આયોજન **'Homeopathy-Roadmap for Integrative Medicine'**ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

**ICE FACT :**

(1) ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હોનમેનનો જન્મ 10 અપ્રિલ, 1755ના રોજ **જર્મનીમાં** થયો હતો.

## તેલંગાણા રાજ્યમાં ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ

ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના તેલંગાણા રાજ્યના **રામાગુંદમ** ખાતે કરવામાં આવશે.

### રામાગુંદમ સોલાર પાવર પ્લાન્ટ

રામાગુંદમ ખાતેના સોલાર પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા **100 મેગાવોટની** છે.

- આ સોલાર પાવર પ્લાન્ટને **મે, 2021** સુધીમાં શરૂ કરવામાં આવશે.
- રામાગુંદમ થર્મલ પાવર પ્લાન્ટ જળાશય ખાતે સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે.
- આ જળાશયના **450 એકર** વિસ્તારમાં સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવનાર છે.
- આ પ્રોજેક્ટનું અમલીકરણ **નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)** દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- NTPCનો ઉદ્દેશ છે કે આ સૌર ઊર્જા પ્લાન્ટ દ્વારા તેના કાર્બન ફૂટ પ્રિન્ટસને ઘટાડવાનો અને ગ્રીન ઊર્જા ઉત્પાદનને તેની ક્ષમતાના 30% સુધી વધારવાનો છે.
- આ પ્રોજેક્ટ માટેનો કુલ અંદાજિત ખર્ચ 423 કરોડ રૂપિયા છે.

### વિશ્વનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ

મધ્યપ્રદેશમાં **નર્મદા** નદી ઉપર **ઓમકારેશ્વર ડેમ** ઉપર ભારત દ્વારા વિશ્વના સૌથી મોટા તરતા સોલાર પાવર પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

- આ પ્રોજેક્ટ માટે આશરે 3,000 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ દ્વારા વર્ષ 2022-23 સુધીમાં તેનું વીજ ઉત્પાદન શરૂ થશે તેવી અપેક્ષા છે.
- **વર્લ્ડ બેંક**, **પાવર ગ્રીડ** અને **ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન** દ્વારા આ પ્રોજેક્ટને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

## ભારતમાં ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટસ

ભારતમાં <u>સૌપ્રથમ ફ્લોટિંગ સોલાર પાવર</u> પ્લાન્ટ <u>વર્ષ 2014</u>માં કોલકાત્તા ખાતે સ્થાપવામાં આવ્યો હતો.


- હાલમાં ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ કેરળના વાયનાદ ખાતે આવેલા બનાસુરા સાગર જળાશયમાં સ્થિત છે. આ પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા 500 Kw છે.

## સોલાર પાવર પ્લાન્ટના પ્રકારો

સોલાર પાવર પ્લાન્ટના <u>મુખ્ય બે પ્રકારો છે.</u> જેમાં <u>ફ્લોટિંગ ફોટો વોલ્ટેઈક સોલાર પાવર પ્લાન્ટ</u> અને <u>કેન્દ્રીત સોલાર પાવર પ્લાન્ટ</u>નો સમાવેશ થાય છે.

- કેન્દ્રીત સોલાર પાવર પ્લાન્ટમાં સૌરઊર્જાને રીડાયરેક્ટ કરવા માટે અરિસાઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- બીજી બાજુ, ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ્સની પાણીની સપાટી પર તરી શકે તેવી ગોઠવણ કરવામાં આવતી હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ (C)

2. હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?

(A) સેમ્યુઅલ હોનેમન (B) જ્યોર્જ બનોર્ડ (C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર (A)

3. ડૉ. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હોનેમનએ કયા દેશના વતની હતા ?

(A) ફ્રાન્સ (B) ઈટાલી (C) જર્મની (D) પોલેન્ડ (C)

4. ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કયા રાજ્યમાં કરવામાં આવશે ?

(A) તેલંગાણા (B) આંધ્રપ્રદેશ (C) કર્ણાટક (D) ઝારખંડ (A)

5. તેલંગાણાના રામાગુંદમ ખાતે સ્થાપવામાં આવનાર ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હશે ?

(A) 200 મેગાવોટ (B) 50 મેગાવોટ (C) 150 મેગાવોટ (D) 100 મેગાવોટ (D)

6. વિશ્વના સૌથી મોટા ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કઈ નદી ઉપર કરવામાં આવશે ?

(A) કાવેરી (B) ગોદાવરી (C) નર્મદા (D) બેતવા (C)

7. ભારતના સૌપ્રથમ ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કયા કરવામાં આવી હતી ?

(A) મુંબઈ (B) ગોવા (C) કોલકાત્તા (D) બેંગાલુરૂ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **વાંકાનેરના પૂર્વ રાજવી અને પૂર્વ કેન્દ્રીયમંત્રી શ્રી દિગ્વિજય સિંહનું નિધન**

વાંકાનેરના પૂર્વ રાજવી **શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ઝાલાનું** તાજેતરમાં 89 વર્ષની વયે નિધન થયું છે. તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજથી અભ્યાસની શરૂઆત કરી હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પર્યાવરણ વિષયમાં ડબલ પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓની રાજકીય કારકિર્દીની શરૂઆત વર્ષ 1962થી થઈ હતી. તેઓએ 1962 થી 1971 સુધી વાંકાનેર વિધાનસભા મતક્ષેત્રના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું. આ રાજવી દ્વારા 'ઈકોવોર' નામની પર્યાવરણ બચાવોના સંદર્ભવાળી બુક પ્રકાશિત કરવામાં આવી હતી. આ બુક ભૂતપૂર્વ વડાપ્રધાન સુશ્રી ઈન્દિરા ગાંધીના ધ્યાને આવતા તાત્કાલિક શ્રી દિગ્વિજયસિંહને મળ્યા હતા. તેમના પર્યાવરણ પ્રેમ અને સૂઝબુઝને કારણે કેન્દ્રના મંત્રાલયમાં નવું પર્યાવરણ મંત્રાલયની શરૂઆત કરવામાં આવી હતી અને શ્રી દિગ્વિજયસિંહજીને પર્યાવરણ મંત્રી તરીકે નિમવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **'જલજીવન મિશન' માટે કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલય અને સંયુક્ત રાષ્ટ્ર વચ્ચે કરાર**

તાજેતરમાં કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલયે 'જલજીવન મિશન' માટે યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર પ્રોજેક્ટ સર્વિસિઝ (UNOPS) અને ડેનમાર્ક સરકાર સાથે કરારો પર હસ્તાક્ષર કર્યા છે. જેના અંતર્ગત ઉત્તરપ્રદેશ રાજ્યમાં આવેલા બુંદેલખંડ અને વિંધ્ય પ્રદેશોના 11 જેટલા પાણીની અછત ધરાવતા જિલ્લાઓમાં નળ દ્વારા પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

➤ **કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયનો મહિન્દ્રા ડિફેન્સ સાથે 1,300 લડાયક વાહનો માટે કરાર**

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે તાજેતરમાં મહિન્દ્રા ડિફેન્સ સિસ્ટમ્સ લિમિટેડ (MDSL) સાથે ભારતીય સેના માટે રૂપિયા 1,056 કરોડના ખર્ચે 1,300 લાઈટ કોમ્બેટ વિહિકલ્સ ખરીદવા માટેના કરારને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આ તમામ વાહનોને ભારતીય સેનામાં સમાવેશ 4 વર્ષમાં કરવામાં આવશે.

➢ **નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડિરેક્ટર જનરલ તરીકે શ્રી એમ.એ. ગણપતિની નિમણૂક**

સિનિયર I.P.S. અધિકારી શ્રી એમ.એ. ગણપતિતની તાજેતરમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી એમ.એ. ગણપતિ વર્ષ 1986ની બેચના ઉત્તરાખંડ કેડરના IPS અધિકારી છે અને તેઓ વર્તમાનમાં બ્યૂરો ઓફ સિવિલ એવિયેશન સિક્યુરિટી (BCAS)માં ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી રહ્યાં છે.

➢ **સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના નવા ડિરેક્ટર જનરલ તરીકે શ્રી કુલદીપ સિંઘની નિમણૂક**

સિનિયર IPS અધિકારી શ્રી કુલદિપ સિંઘની તાજેતરમાં 16 માર્ચ, 2021ના રોજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી કુલદિપ સિંઘ વર્ષ 1986ની બેચના પશ્ચિમ બંગાળ કેડરના IPS અધિકારી છે. શ્રી કુલદીપ સિંઘે CRPFના ડિરેક્ટર જનરલ તરીકે **શ્રી એ.પી. મહેશ્વરીનું સ્થાન** લીધું છે.

## વિશ્વ

➢ **સિંગાપોરમાં વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ**

સિંગાપોરમાં વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ સિંગાપોરની સેમ્બકોર્પ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો છે. નવીનીકરણીય ઊર્જાએ સિંગાપોર માટે એક પડકાર છે કારણ ક સિંગાપોરમાં હાઈડ્રો–ઈલેક્ટ્રિસિટી માટે બહું જ ઓછી નદીસઓ ઉપલબ્ધ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલની સ્થાપના કયા કરવામાં આવશે ?

  – ગાંધીનગરના નાસ્મેદ ખાતે

- ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલ (IIS)ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવશે ?

  – કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી

- તાજેતરમાં દેશમાં ગાયની 50 ઓલાદોમાં ગુજરાતની કઈ ઓલાદનો સમાવેશ કરવામાં આવયો છ ?

  – ડગરી ગાય

- ડગરી ગાય મુખ્યત્વે ગુજરાતમાં કયા જોવા મળે છે ?

  – દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુર જેવા જિલ્લાઓના પર્વતાળ પ્રદેશોમાં

- ટેરિટોરિયલ આર્મીના કેપ્ટન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે.

  – શ્રી અનુરાગ ઠાકુરની

- ભારતના નવા મુખ્ય આંકડાશાસ્ત્રી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

  – શ્રી. જી.પી. સમંતાની

- દેશના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ એસ.એ બોબડેએ દેશના 48માં મુખ્ય ન્યાયાધીશ તરીકે કોના નામની દરખાસ્ત કરી છે ?

  – જસ્ટિસ એન.વી. રમના

- ભારતીય સેનામાં લાંબા સમય સુધી સેવા આપનાર કેટાપુલ્ટ ગન્સ અને ટેમ્પલો મોર્ટારને તાજેતરમાં કયા સ્થળ ખાતેથી સેવા નિવૃત્ત કરવામાં આવી હતી ?

  – રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરીંગ રેન્જ ખાતેથી

- નેશનલ સિકયુરિટી ગાર્ડના ડિરેકટર જનરલ તરીકે તાજેરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

  – શ્રી એમ. એ ગણપતિ

- સન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના તથા ડિરેકટર જનરલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

  –શ્રી કુલદિપ સિંઘ

- વિશ્વનું સૌથી મોટું તરતું સોલાર ફાર્મ કયા દેશમાં બનાવવામાં આવી રહ્યું છે ? – સિંગાપોર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ફલેકિસબલ ફ્યુઅલ વિહિકલ્સ (FFV) શું છે ?

– FFV એ બહુવિધ બળતણ પણ વાહનોને ચલાવવાની સિસ્ટમ છે.

(FFVsની મદદથી પ્રદૂષણને ઘટાડવામાં મદદ મળે છે. ફલેકિસબલ ફ્યુઅલ વિહિકલ્સ (FFVs)એ વાહનોનું સંશોધિત સંસ્કરણ છે. જેને ઈથેનોલ મિશ્રણોના વિવિધ સ્તરો સાથે ગેસોલિન અને પેટ્રોલની મદદથી ચલાવી શકાય છે. આવા વાહનોનો હાલમાં બ્રાઝિલમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફલેકિસબલ ફ્યુઅલ વિહિકલ્સને ‘ડ્યુઅલ–ફ્યુઅલ વિહિકલ્સ’ અથવા ‘ફલેક્સ ફ્યુઅલ વિહિકલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આવા FFVsને સામાન્ય રીતે ઈથેનોલ અથવા મિથેનોલ બળતણ સાથે ભળેલા ગેસોલિનની મદદથી ચલાવવામાં આવે છે.

2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ તાજેતરમાં યુનિવર્સલ બેંકો અને સ્મોલ ફાઈનાન્સ બેંકો (SFBs)ની અરજીઓના મૂલ્યાંકન માટે કેટલા સભ્યોની સ્ટેન્ડિંગ એક્સટર્નલ એડવાઈઝરી કમિટી (SEAC)ની રચના કરી છે ?

– પાંચ સભ્યો

(સ્ટેન્ડિંગ એક્સટર્નલ એડવાઈઝરી કમિટી (SEAC)ના અધ્યક્ષપદે RBIના ભૂતપૂર્વ ડેપ્યૂટી ગવર્નર શ્રી શ્યામલા ગોપીનાથ હશે. આ કમિટીનો કાર્યકાળ 3 વર્ષ માટેનો છે.)

3. ભારત સાથે કયા દેશે તાજેતરમાં ફરીથી ‘હોમલેન્ડ સિક્યુરિટી ડાયલોગ’ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે ?

– અમેરિકા

(‘હોમલેન્ડ સિક્યુરિટી ડાયલોગ’ બંધ કરવાનો નિર્ણય અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવ્યો હતો. હોમલેન્ડ સિક્યુરિટી ડાયલોગની શરૂઆત અમેરિકન રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામા દ્વારા કરવામાં આવી હતી અને પ્રથમ વખત આ ડાયલોગનું આયોજન મે, 2011માં થયું હતું.)

4. અમેરિકન ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે તાજેતરમાં ‘ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક’ પ્રકાશિત કર્યો છે. આ રિપોર્ટ મુજબ ફિચે ભારત માટે નાણાકીય વર્ષ 2021-2022 માટે GDP વૃદ્ધિ માટે કેટલો અંદાજ મૂક્યો છે ?

– 12.8%

5. પાકલ દુલ ડેમનું નિર્માણ ભારત દ્વારા કઈ નદી પર કરવામાં આવી રહ્યું છે ?

– મરૂસદર નદી પર

(મરૂસદર નદીએ ચિનાબ નદીની સહાયક નદી છે. પાકલ દુલ ડેમએ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આવેલો છે. આ ડેમનું નિર્માણ 1,000 મેગાવોટ હાઈડ્રોઈલેકટ્રિક પાવર ઉત્પાદનના ઉદ્દેશથી કરવામાં આવી રહ્યું છે.)

6. તાજેતરમાં નવી દિલ્હી ખાતે શહીદ ભગતસિંહ સ્મારકનું ઉદ્દઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

– શ્રી રમેશ પોખરિયાલ ‘નિશંક’

7. તાજેતરમાં વન–ડે ક્રિકેટમાં કઈ ટીમ દ્વારા સતત 22 વન–ડે મેચ જીતી વર્લ્ડ રેકોર્ડ કરવામાં આવ્યો છે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમ

8. 'પદ્મ પુરસ્કાર'થી સન્માનિત વ્યક્તિ એવા સુશ્રી શશિકલાનું તાજેતરમાં નિધન થયું છે, તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – અભિનય

9. તાજેતરમાં સેન્ટ્રલ સ્ક્રુટિની સેન્ટર અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફૂડ ઓથોરિટી (IEPFA) મોબાઈલ એપ કોના દ્વારા લોન્ચ કરવામાં આવી છે ? – કેન્દ્રીય નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામન

(IEPFA મોબાઈલ એપ્લિકેશન નાણાકીય સાક્ષરતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં રોકાણકારોમાં જાગૃતિ, શિક્ષણ અને સુરક્ષા ફેલાવવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવી છે.)

10. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 12 માર્ચ, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દાંડીયાત્રાનું અમદાવાદના ગાંધી આશ્રમ ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જેનું સમાપન 6 એપ્રિલ, 2021ના રોજ દાંડી ખાતે કોની ઉપસ્થિતિમાં થયું હતું ? – ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુની ઉપસ્થિતિમાં

11. ભારતના 48મા ચીફ જસ્ટિસ તરીકે તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી દ્વારા કોની નિમણૂક કરવામાં આવી છે ?

– સુપ્રિમ કોર્ટના જસ્ટિસ એન.વી. રમનાની

(શ્રી એન.વી. રમના 24 એપ્રિલ, 2021ના રોજ ભારતના ચીફ જસ્ટિસ તરીકેનો કાર્યભાર સંભાળશે.

12. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ કેબિનેટ (ACC) દ્વારા દેશના નવા મહેસૂલ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી તરુણ બજાજ

(શ્રી તરુણ બજાજની નિમણૂકની સાથે સાથે શ્રી અજય શેઠની આર્થિક બાબતોના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ શ્રી અનિલકુમાર ઝાની આદિજાતિ મંત્રાલયના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી જ્ઞાનેશકુમારની સંસદીય બાબતોના મંત્રાલયના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે.)

13. તાજેતરમાં કયા દેશના ટાપુઓમાં રેશન આધારિત પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે ? – તાઈવાન

14. પૂર્વાચલ મહોત્સવ 'માટી' ભારતના કયા રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉજવવામાં આવ્યો છે ? – નવી દિલ્હી

15. ભારતમાં તાજેતરમાં AT1 બોન્ડની કિંમત નક્કી કરવાના ધોરણો કયા સંગઠન દ્વારા હળવા કરવામાં આવ્યા છે ?

– SEBI

16. યુ.એન. દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા યુ.એન. વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રિપોર્ટ 2021નું શીર્ષક જણાવો ?

– Valuing Water

17. તાજેતરમાં કયાં રાજ્ય દ્વારા વિદ્યાર્થીઓ અને સ્થળાંતર કરનારા લોકો માટે Affordable Rental Housing and Complexes (ARHC) સ્કિમની જાહેરાત કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

18. ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રી શ્રી સૂહ વૂક દ્વારા 'ઈન્ડો–કોરિયન દ્વિપક્ષીય ફ્રેન્ડશીપ પાર્કનું ઉદઘાટન તાજેતરમાં કયાં કરવામાં આવ્યું હતું ? – દિલ્હી કેન્ટ ખાતે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વર્ષ 2021-22માં ભારતનો GDP ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે ?

– 10.5 %

20. કોરોના સંકટનો સામનો કરવા માટે RBIએ દેશમાં ડિજિટલ બેન્કોને પ્રોત્સાહન આપવા માટે ડિપોઝિટ લિમિટ રૂપિયા એક લાખથી વધારીને કેટલી કરી છે ? – બે લાખ રૂપિયા

21. વિશ્વના અમીરોની ફોર્બ્સ મેગેઝિનની વાર્ષિક યાદી મુજબ વર્ષ 2021માં વિશ્વના સૌથી અમીર વ્યક્તિ કોણ છે ?

– શ્રી જેફ બેઝોસ (એમેઝોનના સ્થાપક)

(આ યાદીમાં ભારતના શ્રી મુકેશ અંબાણી દસમાં ક્રમાંકે રહ્યા છે. ફોર્બ્સ મેગેઝિનની વાર્ષિક યાદીમાં આ વખતે રેકોર્ડ 2,755 અબજાપતિઓનો સમાવેશ કરાયો છે.)

22. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા કાર્યક્રમના માધ્યમથી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે સીધો સંવાદ કર્યો હતો ? – પરીક્ષા પે ચર્ચા

23. કેન્દ્રીય રમત–ગમત મંત્રાલયે 'ખેલો ઈન્ડિયા સ્કિમ' ને વર્ષ 2021-22 થી કયા સુધી વધારવાનો નિર્ણય કર્યો છે ?

– વર્ષ 2025-26 સુધી

24. વર્ષ 2020ના મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડમાં તાજેતરમાં કોણ વિજેતા બન્યા છે ? – સુશ્રી આશા ભોંસલે

25. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ના CEO તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સૌરભ ગર્ગ

26. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન સુશ્રી શેખ હસિના એ તાજેતરમાં કયા શહેરમાં 'બંગબંધુ–બાપુ મ્યુઝિયમ' નું ઉદ્‌ઘાટન કર્યું છે ? – બાંગ્લાદેશના ઢાંકા ખાતે

27. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા દેશના યુવાનો માટે સ્વર્ણજયંતિ સ્કોલરશિપ'ની જાહેરાત કરી છે ? – બાંગ્લાદેશ

28. તાજેતરમાં કોના દ્વારા ટી.બી. મુક્ત ભારત માટે 'ટ્રાઈબલ ટી.બી. ઈનિશિયેટીવ'ની શરૂઆત કરવામાં આવી છે ?

– ડો. હર્ષવર્ધન દ્વારા

29. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021 તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે ?

– વિશ્વ બેંક

30. Global Wind Report-2021 તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે ?

– Global Wind Energy Council (GWEC)

31. ઓલિમ્પિકમાં ક્વોલિફાઈ કરનાર પ્રથમ ભારતીય મહિલા રોવર ખેલાડીનું નામ જણાવો ?

– સુશ્રી નેત્રા કુમાન

32. કયા દેશ દ્વારા આંદમાન અને નિકોબારમાં વીજ પૂરવઠાના પ્રોજેક્ટ માટે ભંડોળ આપવામાં આવશે ? – જાપાન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT